# શહેરમાં સવારે આકાશમાં વરસાદી નઝારો નિખર્યો : બપોરે આકરી ગરમી

## મહત્તમ તાપમાનમાં નજીવી ગિરાવટ : ગરમીનો પારો હજુ ૪૦ ડીગ્રી ઉપર રહેતા નગરજનો હીટવેવથી પ્રભાવિત : વાદળિયા વાતાવરણના અંતે અસહ્ય તાપથી વરસાદની આશ પણ ઠગારી નિવડી : વાતાવરણમાં ભેજનુ પ્રમાણ વધવાની સાથે ઉકળાટ અનુભવતા નગરજનોને બેચેની

ગાંધીનગર તા ૯

ગાંધીનગરમાં છેલ્લા ત્રણ મહીનાથી ગરમી પ્રકોપ યથાવત છે. ગરમીની સિઝનના મોટાભાગના દિવસોમાં મહત્તમ તાપમાન ૪૦ ડીગ્રી ઉપર રહેતા શહેરીજનો અંગ દઝાડતી ગરમીથી આકુળ વ્યાકુળ છે આજે સવારે આકાશમાં વરસાદી વાદળો ગોરંભાતા સુસવાટા મારતા વાયરા વચ્ચે વાતાવરણ પલ્ટાની અસરથી નગરજનોમાં વરસાદની આશ બંધાઈ હતી જો કે થોડીવારમાં વાદળો વિખેરાઈ જતા અચાનક જ ગરમીનુ જોર વધી ગયુ હતુ. જયારે ભેજનુ પ્રમાણ વધતા આકરા તાપ સાથે નગરજનોએ બફારાનો અનુભવ કર્યો હતો. રાત્રિનુ તાપમાન પણ ગઈકાલની સાપેક્ષમાં દોઢ ડીગ્રી ઉંચકાયુ હતુ.



ગાંધીનગરમાં ગરમીનુ જોર યથાવત છે. જો કે અગાઉના દિવસો કરતા નગરજનો થોડી રાહત અનુભવી રહ્યા છે. પરંતુ હજુ પણ મહત્તમ તાપમાન ૪૦ ડીગ્રીની પાર જોવા મળે છે. ગઈકાલની સાપેક્ષમાં ગરમીમાં નજીવો ઘટાડો જોવા મળ્યો છે. આજે મહત્તમ તાપમાન ૪૧.૨ ડીગ્રી રહ્યુ હતુ જયારે રાત્રિનુ તાપમાન ગઈકાલની સાપેક્ષમાં દોઢ ડીગ્રી ઉંચકાયુ હતુ. આજે સવારે વાદળિયા વાતાવરણના લીધે વાતાવરણમાં વરસાદી વાયરાના લીધે થોડી ઠંડક પ્રવર્તી હતી. આકાશમાં સવારે વરસાદી વાદળો ગોરંભાયેલા જોવા મળ્યા હતા જયારે સવારથી જ સુસવાટા મારતા પવન સાથે ગમે ત્યારે વરસાદી ઝાપટુ વરસશે તેવી સંભાવના દેખાતી હતી પરંતુ થોડીવારના વાતાવરણ પલ્ટાના અંતે વરસાદી વાદળો વિખેરાઈ ગયા હતા જયારે બપોરનો તાપ પણ આકરો પુરવાર થયો હતો. સવારે વાતાવરણ પલ્ટાના લીધે વાતાવરણમાં ગરમીનુ જોર થોડીવાર માટે ઘટ્યુ હતુ પરંતુ બપોર થતા અંગ દઝાડતી ગરમીથી શહેરીજનો અકળાયા હતા. વાતાવરણમાં છેલ્લા ચાર પાંચ દિવસથી ભેજનુ પ્રમાણ પણ વધી રહ્યુ છે. જેના લીધે નગરજનો આકરા તાપ સાથે બફારો પણ અનુભવી રહ્યા છે. એકબાજુ રાજયના વિવિધ વિસ્તારમાં વરસાદી વાયરો ફુંકાતા કેટલાક ઠેકાણે એકાદ ઈંચ વરસાદ પણ વરસ્યો છે. જયારે ગાંધીનગર અમદાવાદમાં પણ આકરી ગરમીથી આકુળ વ્યાકુળ જનજીવન હવે વરસાદની વાટે છે. વરસાદી વાદળો ગોરંભાય છે પરંતુ વાતાવરણ પલ્ટાના અંતે ગરમીનો મિજાજ ફરી ઉગ્ર બનતા ચોમાસાની વાટ નિહાળતા

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં ફરી વખત કોરોનાના પાંચ કેસ

## સે. ૩૦, ૪ તેમજ કોટેશ્વર-ખોરજમાંથી કોરોનાના પાંચ કેસ મળતા તંત્ર દોડતુ થયુ : આજે નોંધાયેલા પાંચ કેસમાં ૪ દર્દીઓની ટ્રાવેલ હિસ્ટ્રી જાણી તંત્ર પણ ચોંક્યુ

ગાંધીનગર, તા. ૮

એક પખવાડિયા પછી ગાંધીનગર શહેરમાં આજે એક સાથે કોરોનાના પાંચ કેસ નોંધાયા છે. જ્યારે ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.

શહેરમાં આજે એક સાથે પાંચ કેસ નોંધાતા જ તંત્ર સતર્ક બન્યુ છે. તંત્રએ છુટા છવાયા કેસો વધી રહ્યા હોવાનો આડકતરો એકરાર કર્યો છે પરંતુ લોકો જે રીતે બિફિકરા બન્યા છે તેને લઈ ચિંતા પણ પ્રગટ કરી છે.

તંત્રએ સઘન સર્વેલન્સની સાથે સાથે જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા પણ તાકીદ કરી છે.

શહેરમાં આજે નોંધાયેલા કેસોમાં બે મહિલા દર્દીઓ છે. મહિલા દર્દીઓની સંખ્યા વધી રહી હોવાથી પણ તંત્રની ચિંતા વધી છે. આજે નોંધાયેલા પાંચ કેસમાં એક મા-દિકરો પણ કોરોનામાં સપડાયા હોવાનું સામે આવ્યુ છે. આજે નોંધાયેલા તમામ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ દર્દીઓને હળવા લક્ષણો જણાતા હોમ આઈસોલેશનના વિકલ્પને મંજૂરી આપવામાં આવી હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

ગાંધીનગર શહેરમાં જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ ચોથી લ્હેર કોરોનાની બિલ્લી પગે આવી રહી હોવાનું પણ લોકો હવે બોલતા થયા છે. ભલે છુટા છવાયા કેસો મળી રહ્યા હોય પણ કેસો નીકળવાની ગતિ વધી છે. હોસ્પિટલાઈઝેશન રેટ ઓછો છે તેથી તંત્રને થોડીક રાહત જરૂર છે.

ગાંધીનગર શહેરમાં આજે ત્રણ કેસ શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાંથી મળી આવ્યા છે. જ્યારે બે કેસ ગાંધીનગરના સેક્ટરોમાંથી મળ્યા છે.

ગાંધીનગરના સે. ૩૦માંથી એક ૫૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દી તાજેતરમાં હરિદ્વારની મુલાકાતેથી પરત ફર્યા હોવાનું જાણવા મળેલ છે.

સે. ૪માં એક ૧૭ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવાન કેવી રીતે સંક્રમિત થયો છે તે અંગે તંત્ર દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે. આ યુવાન કોઈ ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતો નથી તેથી તંત્ર પણ હવે મુંઝવણમાં છે.

કોટેશ્વર ગામની ૨૮ વર્ષીય યુવતીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ યુવતી છત્તીસગઢ જઈ પરત ફરેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લા પંચાયતની સ્વભંડોળની સ્થિતિ નાજુક બનવા તરફ આગળ વધી રહી છે

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગર જિલ્લા પંચાયતની સ્વભંડોળની સ્થિતિ નાજુક બની રહી હોવાના સંકેતો મળતાં જ તંત્ર ચોંક્યુ છે.

મળતી વિગતો મુજબ સ્વભંડોળની આવકમાં થયેલા ધરખમ ઘટાડા પછી વિસ્તાર વિકાસના કામો સભ્યો દ્વારા જે રીતે ચૂંટણી વર્ષને લઈ હાથ ધરવામાં આવ્યા છે તેને લઈ પરિસ્થિતિ નાજુક બની રહી હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લા પંચાયતના પ્રમુખે જિલ્લાની સ્વભંડોળની સ્થિતિને લઈ પરામર્શ પણ હાથ ધર્યો હોવાનું જાણવા મળેલ છે.

જિલ્લા પંચાયતની સ્વભંડોળની ગ્રાન્ટમાંથી કામો હાથ ધરવાને લઈ ચાલી રહેલી ઉતાવળી કામગીરીને પગલે સ્થિતિ નાજુક બનવા તરફની ગતિ કરી રહી હોવાનું જાણવા મળેલ છે. આ ઉપરાંત ખર્ચાઓમાં કરકસર અપનાવવામાં આવી નથી એટલુ જ નહિ જિલ્લા પંચાયતની મરામત અને જાળવણીનો ખર્ચ પણ બિલ્ડીંગ જુનુ પુરાણુ થયુ હોવાથી વધી રહ્યો છે.

જિલ્લા પંચાયતમાં સ્વભંડોળની આવક સામે એટલુ જ આયોજન સભ્યો પાસેથી માંગવામાં આવતાં પણ આ સ્થિતિ તરફની ગતિ બની રહી હોવાની વાતો પણ ચર્ચામાં છે.

જિલ્લામાં સરકારી કાર્યક્રમોનું ભારણ વધ્યુ છે એટલુ જ નહિ તેમાં થઈ રહેલા ખર્ચને લઈ પણ ચોક્કસ દિશા-નિર્દેશ નિયત કરવામાં સત્તાધારી પક્ષ ઉણો ઉતર્યો હોવાથી પરિસ્થિતિ કથળવા તરફ જઈ રહી છે.

જિલ્લા પંચાયત પ્રમુખ અને સભ્યો વચ્ચે સંવાદ ઘટ્યો છે

● અનુસંધાન પાન-૭ પર



એક સમયે ગ્રીન સીટી ગાંધીનગર તરીકે ઓળખાતુ આપણું શહેર ધીમે ધીમે તેની હરીયાળી ખોઈ રહ્યું છે. વિકાસના નામે આડેધડ થઈ રહેલા વૃક્ષછેદનથી શહેરનું ગ્રીનકવર ખુબ ઘટી ગયુ છે. હાલમાં ગ-૩ થી ઘ-૩ તરફ જવાના માર્ગે પાણીની પાઈપલાઈન નાંખવાનું કામ ચાલી રહ્યું છે. આ કામગીરીમાં નડતરરૂપ બનતા વૃક્ષને કાપી નાંખવામાં આવ્યા છે. તેના લાંકડા ભરીને ટ્રેક્ટરમાં લઈ જવામાં આવી રહ્યા છે. આવા દશ્યો જોઈ ગાંધીનગરના પ્રકૃતિપ્રેમી વસાહતીઓ ભારે જીવ બાળી રહ્યા છે.

## સેવાની સુવાસ પ્રસરી





આપણી આસપાસ નજર કરશો તો ચુપચાપ ચાલતા અનેક સેવાકાર્યો નજરે ચઢી જશે. કોઈક જરૂરિયાતમંદોને દવા પહોંચાડે છે, તો કોઈક વિદ્યાર્થીઓને પુસ્તકો અને સ્ટેશનરીનો સામાન પહોંચાડે છે તો કોઈ ભૂખ્યાજનોની જઠરાગ્નિ ઠારે છે. દાતાઓ ખુલ્લા હાથે અને વિશાળ હૃદય રાખી કોઈપણ પ્રકારની પ્રસિદ્ધિની અપેક્ષા રાખ્યા વિના સેવાકાર્યો કરતા રહે છે. સેક્ટર-૬માં સત્યાગ્રહ છાવણીની આસપાસ અનેક શ્રમિકો ઝુંપડા બાંધીને રહે છે. આ શ્રમિકોને દરરોજ નિઃશુલ્ક ભોજન પુરૂ પાડવાની સેવા મંજુબાના રસોડા દ્વારા કરવામાં આવે છે. નિયમિતપણે આ સેવાકાર્ય થઈ રહ્યું છે.

# કુડાસણ સ્થિત એમ આઈ જી આવાસોની યોજનામાં ગુણવત્તાના અભાવ સામે રોષ

ગાંધીનગર તા ૯

ગુડા દ્વારા નિર્મિત રાયસણની એલ આઈ જી આવાસ યોજનાની જેમ કુડાસણમાં પણ એમ આઈ જી આવાસોની હાલત કંગાળ બનતી જાય છે. કુડાસણના એમ આઈ જી આવાસોના નિર્માણ

**ટાઇલ્સો ઉખડી જતી હોવાની ફરિયાદો : રાયસણ, ચિલોડા અને અડાલજના આવાસોની હાલત પણ બદતર થતા લાખો ખર્ચીને પણ લાભાર્થીઓને નાનુ પણ સારુ મકાન મળ્યુ ન હોવાનો પ્રબળ આક્રોશ : ગુડા આવાસોનો સર્વે કરી રીનોવેશન કરી આપે તેવી પણ માંગ ઉઠવા પામી છે**

બાદ ટુંકા સમયગાળામાં જ ટાઈલ્સો ઉખડવા લાગી છે. જયારે આવાસોની ગુણવત્તા મામલે પણ લાભાર્થીઓ દ્વારા સતત ગુડાના તંત્ર સમક્ષ રજુઆત કરવામાં આવી રહી છે. આ સ્થિતિ વચ્ચે લાભાર્થીઓએ સ્વખર્ચે આવાસોનુ સમારકામ કરાવાની નોબત આવી છે. જેના લીધે લાભાર્થીઓમાં પણ પ્રબળ રોષ પ્રવર્તયો છે. જયારે રાયસણ ચિલોડા અને અડાલજમાં પણ જરૂરિયાતમંદોને લાખો ખર્ચીને આવાસમાં કોઈ સુવિધા મળી ન હોવાનો રોષ દિનપ્રતિદિન પ્રબળ બની રહ્યો છે. આવાસોનો સર્વે કરી રીનોવેશન કરી દેવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા પ્રથમ તબક્કામાં રાયસણ , ચિલોડા અને અડાલજ ખાતે એલ આઈ જી આવાસો બાંધવામાં આવ્યા હતા જયારે ગરીબ લાભાર્થીઓએ આ આવાસોનો કબજો લીધા બાદ ટુંકા ગાળામાં જ મકાનોની હાલત ખંડેર બની હતી. જેના લીધે ગુડાની કામગીરી સામે અનેક સવાલો મંડરાયા છે. હાલમાં પણ જરૂરિયાતમંદો પોતાના પૈસા પાણીમાં ગયા હોવાની લાગણી સાથે આક્રોશ વ્યકત કરતા નજરે પડે છે. આવાસોની દિવાલોમાંથી ભેજ ઉતરવાની સાથે લીફટ પણ વર્ષોથી બંધ હાલતમાં છે. જયારે કચરો પણ સાફ થતો નથી આવાસોના પેસેજમાં પણ ચાલવા જતા ગોથુ ખાઈ જવાય તેવી સ્થિતિ છે. બીજીતરફ ગુડાએ કુડાસણમાં પણ એમ આઈ જી આવાસો તૈયાર કર્યા છે. જયારે આ આવાસોનો કબજો પણ લાભાર્થીઓને સુપ્રત કરી દેવાયો છે. મધ્યમવર્ગના પરિવારોએ આવાસોનો કબજો

● અનુસંધાન પાન-૭ પર

# જેમ પોર્ટલ પરની ખરીદી બાદની સેવામાં અવરોધો

ગાંધીનગર, તા. ૮


ગાંધીનગર જિલ્લા પંચાયતમાં વિકાસના કામો માટે દરેક ચીજવસ્તુઓની ખરીદી સરકારના જેમ પોર્ટલ પરથી કરવાની સૂચનાને પગલે જ હવે ઘણા બધા કામો અટકી પડ્યાની વાતને લઈ સભ્યો દોડતા થયા છે.

મળતી વિગતો પ્રમાણે જેમ પરથી ખરીદીનો નિર્ણય ઝડપથી લઈ શકાય છે પરંતુ આ ખરીદી માટે નિભાવ-મરામત-જાળવણીને લઈ એજન્સીઓ જે વર્તાવ કરે છે તે સૌ કોઈને માટે શિરદર્દ બની રહેલ છે.

હાલમાં ગ્રામ્ય વિસ્તારમાં ઉભી થયેલી પરિસ્થિતિને લઈ પ્રભારી મંત્રી સુધી ધ્યાન દોરવામાં આવ્યાનું રાજકીય વર્તુળોમાંથી જાણવા મળેલ છે.

૧૫મા નાણાપંચ અર્તગત આવા વિવિધ કામ કરવામાં આવ્યા પછી સેવામાં અવરોધ આવતાં સ્થાનિક આગેવાનોની છબી ખરડાઈ રહી હોવાનું પણ ધ્યાન દોરવામાં આવેલ છે.

જેમ પોર્ટલ પરથી જિલ્લાના જ ઉત્પાદકો, વિક્રેતાઓ અને વેપારીઓ ઉપલબ્ધ રહે તે સુનિશ્ચિત કરવામાં આવે તોજ એજન્સી અથવા કોન્ટ્રાક્ટરનો કાન પકડવામાં સરળતા રહેશે તેવી લાગણી સૌ સભ્યો ધરાવે છે.










Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com